# SARDAR PATEL UNIVERSITY

VALLABH VIDYANAGAR- 388 120 (GUJARAT) INDIA

Website : www.spuvvn.edu Phone : 91-02692- 226807


એકેડેમિક વિભાગ

## પરિપત્ર

**વિષય : યુનિવર્સિટીના ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમોના પ્રવેશ માટે પોર્ટલ ઓપન કરવા બાબત.**

સંદર્ભ :
૧) યુનિવર્સિટીના તા. ૦૮/૦૫/૨૦૨૩નો પત્ર નં. ડી/ઈ/૧૦/૮૭૦ (સ્નાતક વિજ્ઞાન પ્રવાહ)
૨) યુનિવર્સિટીના તા. ૦૫/૦૬/૨૦૨૩નો પત્ર નં. ડી/ઈ/૧૦/૧૪૧૮ (સ્નાતક સામાન્ય પ્રવાહ)
૩) યુનિવર્સિટીના તા. ૦૧/૦૬/૨૦૨૩નો પત્ર નં. ડી/ઈ/૧૦/૧૩૩૧ (અનુસ્નાતક અભ્યાસક્રમ)
૪) યુનિવર્સિટીના તા. ૧૩/૦૬/૨૦૨૩નો પત્ર નં. ડી/ઈ/૧૦/૧૫૯૦ (અનુસ્નાતક અભ્યાસક્રમ)
૫) યુનિવર્સિટીના તા. ૦૯/૦૮/૨૦૨૩ પરિપત્ર નં. ડી/ઈ/૧૦/૩૧૩૮ (અંતિમ તારીખ બાબત)

આથી ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી સર્વે કોલેજો/ઈન્સ્ટીટયૂટ/વિભાગના આચાર્યશ્રી/વડાશ્રી તથા સર્વે વિદ્યાર્થીઓને જણાવવાનું કે યુનિવર્સિટીના વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઉપરોકત તમામ અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની અંતિમ તારીખો સંદર્ભ નં. પથી જાહેર કરવામાં આવી હતી, ત્યારબાદ વિવિધ કોલેજો અને વિદ્યાર્થીઓ દ્વારા પ્રવેશ અંગેનું પોર્ટલ ચાલુ કરવા રજૂઆત આવી હતી, જેને યુનિવર્સિટી તા. ૨૨/૦૮/૨૦૨૩ની કાર્યાલય નોંધથી રજૂ કરતાં પ્રવેશ પ્રક્રિયા પુનઃ નીચે મુજબ ચાલુ કરવાના આદેશ મળેલ હોઇ પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબની રહેશે.

ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયા પુનઃ ચાલુ કરવા કરવા માટે કોલેજ/વિભાગની કે વિદ્યાર્થીઓની રજૂઆતને દફતરે કરવામાં આવશે.

| ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના તમામ અભ્યાસક્રમો માટેની અંતિમ તારીખો | | |
|---|---|---|
| નોંધ : વિદ્યાર્થીએ પ્રવેશ ફોર્મ ભરતાં પહેલા યુનિવર્સિટી વેબસાઇટ પરથી ખાલી સીટોની માહિતી મેળવી લેવાની રહેશે. | | |
| નં. | તારીખ | વિગત |
| ૧ | ૨૮/૦૮/૨૦૨૩ (ફકત એકજ દિવસ) | જે વિદ્યાર્થીઓએ પ્રવેશ માટે ફોર્મ ભરવાથી વંચિત રહી ગયેલ છે, તેવા વિદ્યાર્થી યુનિવર્સિટી વેબસાઇટ પર સવારના ૯.૩૦ કલાકથી ઓનલાઇન પ્રવેશ ફોર્મ ભરી શકશે. ત્યારબાદ ઓનલાઇન ફોર્મ ભરી શકાશે નહીં. |
| ૨ | ૨૮/૦૮/૨૦૨૩ અને ૨૯/૦૮/૨૦૨૩ | ૧. જે વિદ્યાર્થીઓએ તા. ૨૮/૦૮/૨૦૨૩ના રોજ નવું ફોર્મ ભરેલ છે, તેવા વિદ્યાર્થીઓ તથા જે વિદ્યાર્થીઓએ અગાઉ ઓનલાઇન ફોર્મ ભરેલ છે અને વેરિફિકેશન બાકી છે, તેવા વિદ્યાર્થીઓ પોતાનું ફોર્મ યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે વેરિફિકેશન કરાવી જે તે કોલેજ/વિભાગ ખાતે ખાલી જગ્યો પર નિયત ફી ભરીને પ્રવેશ મેળવી શકશે.<br>૨. વિદ્યાર્થીઓ/કોલેજ/વિભાગે તારીખ : ૨૯/૦૮/૨૦૨૩ સાંજના ૫.૩૦ કલાક સુધીમાં પ્રવેશ આપવા અંગેની કાર્યવાહી પૂર્ણ કરવાની રહેશે. ત્યારબાદ પ્રવેશ કાર્યવાહી સદંતર બંધ થઇ જશે. |

નં. ડી/ઈ/૧૦/૩૪૮૭
તારીખ : ૨૫/૮/2023
વલ્લભ વિદ્યાનગર

કુલસચિવ

નકલ રવાના :
૧. સર્વે આચાર્યશ્રીઓ, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમો ચલાવતી કોલેજો/ઈન્સ્ટીટયૂટ તરફ
૨. સર્વે વિભાગીય વડાશ્રીઓ તરફ
૩. નિયામીકાશ્રી, કોમ્પ્યુટર સેન્ટર, સરદાર પટેલ યુનિવર્સિટી તરફ કોલેજ/વિભાગના જરૂર મુજબના પોર્ટલના રાઇટસ ઓપન કરવા તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.
૪. નોડલ ઓફિસર, યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર તરફ